# લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર

અમદાવાદ

www.ldindology.org

## : પુસ્તક વિમોચન સમારોહ :

સુજ્ઞશ્રી,

પૂ.પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્રવિજયજી લિખિત

**સંખ્યાત્મક કોશ**

તથા

પૂ. સાધ્વીશ્રી ચન્દનબાલાશ્રી સંપાદિત

**ઋષિદત્તાચરિત્રસંગ્રહઃ**

ના વિમોચન સમારોહમાં આપને સુજ્ઞ મિત્રો સાથે ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે.

**તારીખ** : ૨૯ જૂન, ૨૦૧૧, બુધવાર

**સમય** : સાંજના ૪-૩૦ કલાકે

સમારોહ સંપન્ન થયા પછી અલ્પાહારની વ્યવસ્થા છે.

**સ્થળ** : સભાગૃહ, લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, ગુજરાત યુનિવર્સિટી બસ સ્ટેન્ડ પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

જિતેન્દ્ર બી. શાહ
નિયામક

## સંખ્યાત્મક કોશ : ટૂંક પરિચય

પ્રસ્તુત ગ્રંથમાં સંખ્યાના ક્રમ અનુસાર જે જે શબ્દો સંગ્રાહકને મળ્યા, તે મુજબ તેને ક્રમમાં મૂકીને ઉદ્ધૃત કરેલ છે. આ શબ્દોને કોઈ ચોક્કસ સીમામાં ન બાંધતાં જૈન, બૌદ્ધ અને વૈદિક પરંપરા ઉપરાંત લૌકિક રૂઢિમાંથી જ્યાંથી પણ આવા શબ્દો સાંપડ્યા તે સર્વેનો અત્રે સમાવેશ કર્યો છે અને સાથે તેનો સંદર્ભ મળેલ હોય તો તેની પણ નોંધ આપવામાં આવેલ છે.

વૈવિધ્યસભર **સંખ્યાત્મક કોશમાં પૂ. પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્રવિજયજીએ** અનેક જૈનશાસ્ત્રગ્રંથો, આગમગ્રંથો અને અન્ય શાસ્ત્રગ્રંથોમાંથી ૧ થી ૧૦૦૦ સુધીના અંકોના ક્રમે પદાર્થોનો સંગ્રહ કરીને એક નવી ભાતનો કોશ તૈયાર કરેલ છે. છેલ્લે ૧૮,૦૦૦ શીલાંગરથ, ચોર્યાશી લાખ જીવયોનિ, શુન્ય, બિન્દુચક્ર, નાદ, બિંદુ, કલા વગેરેનો પણ નિર્દેશ કરેલ છે. હસ્તપ્રતોના ગહન અધ્યયન માટે આ શબ્દકોશ સંશોધકોને ઉપયોગી નીવડશે.

## ઋષિદત્તાચરિત્રસંગ્રહઃ : ટૂંક પરિચય

કર્મના ગહન વિપાકોને અનુભવતાં મહાસતી ઋષિદત્તાએ પોતાના શીલનું રક્ષણ કર્યું હતું. તે મહાસતીના જીવન અંગે અનેક ચરિત્રો, કથાઓ, રાસ, ચોપાઈ વગેરેની રચના થયેલ છે.

પ્રસ્તુત **'ઋષિદત્તાચરિત્રસંગ્રહ'**માં અદ્યાવધિ અપ્રકાશિત ત્રણ કૃતિઓ છે : (૧) શ્રીમુનિપતિગુણપાલવિરચિત રિસિદત્તાચરિય, (૨) અજ્ઞાતકર્તૃક ઋષિદત્તાચરિત્ર અને (૩) અજ્ઞાતકર્તૃક ઋષિદત્તાચરિત્ર. આ ત્રણે કૃતિઓ હસ્તપ્રતો ઉપરથી તૈયાર કરીને પ્રકાશિત કરેલ છે. આ સિવાય બીજી ત્રણ પ્રકાશિત કૃતિઓ પરિશિષ્ટમાં આપવામાં આવેલ છે. પરિશિષ્ટ - ૧ માં શ્રીધર્મસેનગણિવિરચિત વસુદેવહિંડીમધ્યખંડમાંથી ઋષિદત્તાકથા, પરિશિષ્ટ-૨માં શ્રીઆમ્રદેવસૂરિવિરચિત આખ્યાનક-મણિકોશવૃત્તિમાંથી ઋષિદત્તાખ્યાનક અને પરિશિષ્ટ-૩માં શ્રીજયકીર્તિસૂરિવિરચિત શીલોપદેશમાલાની શ્રીસોમતિલકસૂરિવિરચિત શીલતરંગિણીવૃત્તિમાંથી ઋષિદત્તાકથા છે.

નવ પરિશિષ્ટોથી સમૃદ્ધ એવો આ ઋષિદત્તાચરિત્રસંગ્રહ સાધ્વીશ્રી ચન્દનબાલાશ્રીજીએ પંડિતશ્રી અમૃતભાઈના સહયોગથી પોતાની નાદુરસ્ત તબિયત છતાં ઘણી સુંદર રીતે પ્રસ્તુત કરેલ છે.